
દીપ ગુર્જર

# અકસ્માતની ઘટનામાં નેત્રંગ પોલીસ વિવાદમાં

**ન્યાય** નહીં મળે ત્યાં સુધી પરિવારજનો ધરણા પર બેઠા

નેત્રંગ: નેત્રંગ-રાજપારડી માર્ગ પર ભોટ નગર પાસે ફોર્ચ્યુનર કારની ટક્કરે ઈક્કો કારને અડફેટે લેતાં સર્જાયેલા અકસ્માતમાં આંજોલી ગામના ૩૨ વર્ષીય આશાસ્પદ યુવાન વિનેશ વિઠ્ઠલભાઈ વસાવાનું સુરતની હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. મૃતક યુવાન પેટ્રોલ પંપ પર નોકરી કરતો હતો અને ત્રણ સંતાનોનો પિતા હતો. આ બનાવથી તેના પરિવારે કમાનાર મોભી ગુમાવ્યો છે, જેમાં એક બાળક દિવ્યાંગ (અપંગ) હોવાથી પરિવાર ભારે મુશ્કેલીમાં મુકાયો છે.

આ ઘટનામાં નેત્રંગ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે, પરંતુ મૃતકના પરિવારજનોએ પોલીસની કામગીરી સામે ગંભીર આક્ષેપો કર્યા છે.

પરિવારનો આરોપ છે કે પોલીસે અકસ્માત સર્જનાર ફોર્ચ્યુનર કાર નં.(જીજે-૨૩-સી.એફ.૦૭૮૬)ના ચાલકને છાવરવા માટે ઘટનાની રાત્રે ૯થી ૩ વાગ્યા સુધી મામલો થાળે પાડવાના ઈરાદે ફરિયાદ મોડી નોંધી હતી. પોલીસ પક્ષપાત કરી રહી હોવાના આક્રોશ સાથે, આજે મૃતકના ન્યાયની માંગ અને કાર ચાલકની તાત્કાલિક ધરપકડ કરવાની માંગણી સાથે મોટી સંખ્યામાં પરિવારજનો અને ગ્રામજનોએ નેત્રંગ પોલીસ સ્ટેશન બહાર ધરણા પ્રદર્શન યોજી ન્યાયની ગુહાર લગાવી હતી.

# ગડખોલ પાટિયા પાસે ડિમોલિશન

**ઓવરબ્રિજ** નીચે લાંબા સમયથી ઝૂંપડાં તેમજ ઢોરોના તબેલા બની ગયા હતા

**માર્ગ** અને મકાન વિભાગની પોલીસ બંદોબસ્ત સાથે કાર્યવાહી


પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર: અંકલેશ્વરના ગડખોલ પાટિયા વિસ્તારમાં આવેલા ઓવરબ્રિજ નીચે લાંબા સમયથી ઊભાં થયેલાં દબાણોને દૂર કરવા માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા ગુરુવારે વિશેષ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પોલીસ બંદોબસ્ત વચ્ચે જેસીબી મશીનની મદદથી બ્રિજ નીચે ઊભાં કરાયેલાં ગાબા, ઝૂંપડાં તેમજ ઢોરોના તબેલાઓને દૂર કરવામાં આવ્યા હતા. કાર્યવાહી દરમિયાન સ્થાનિકોમાં ભારે ચકચાર મચી હતી.

મળતી માહિતી મુજબ ગડખોલ પાટિયા ઓવરબ્રિજના નિર્માણ બાદ વર્ષો સુધી તેની યોગ્ય દેખરેખ રાખવામાં આવી નહોતી. બ્રિજની દીવાલો અને નીચેના ભાગમાં રંગરોગાન કે જાળવણીનાં કામો પણ થયાં નહોતાં. પરિણામે બ્રિજની નીચેનો ખુલ્લો વિસ્તાર ધીમે ધીમે અવાવરું બની ગયો હતો. આ જગ્યાએ કેટલાક લોકો દ્વારા ઝૂંપડાં ઊભાં કરી દેવામાં આવ્યાં હતાં, જ્યારે ઢોરોના તબેલાઓ અને અન્ય પ્રકારનો ગેરકાયદે કબજો પણ વધી ગયો હતો. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર આ દબાણોને કારણે બ્રિજ નીચે ગંદકીનો માહોલ સર્જાયો હતો. સાથે સાથે અવરજવર કરતી વાહનચાલકો અને પદયાત્રીઓ માટે સુરક્ષાનો પ્રશ્ન પણ ઊભો થયો હતો. રાત્રિના સમયે અસામાજિક તત્ત્વોની અવરજવર વધતી હોવાના આક્ષેપો પણ સમયાંતરે ઊઠતા રહ્યા હતા. લાંબા સમયથી સ્થાનિકોમાં આ દબાણો દૂર કરવાની માંગ ઊઠી હતી. આખરે પોલીસના ચુસ્ત બંદોબસ્ત સાથે ગાબા અને અન્ય માળખાઓને દૂર કરવામાં આવ્યા હતા.

વિભાગનાં સૂત્રોએ જણાવ્યુ હતુ કે જાહેર માર્ગ અને સરકારી જમીન ખુલ્લી રાખવાના હેતુસર આ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આગામી દિવસોમાં બ્રિજ નીચેના ખુલ્લા વિસ્તારમાં લેન્ડસ્કેપિંગ તથા બ્યુટિફિકેશન કરવાની યોજના પણ તૈયાર કરવામાં આવી રહી હોવાનું જાણવા મળ્યું છે.

# નેત્રંગમાં અસહ્ય ગરમી વચ્ચે ૧૦ કલાકનો વીજકાપ

**જનજીવન** અને સરકારી કામગીરી ઠપ થઈ ગઈ

નેત્રંગ: સમગ્ર રાજ્ય સહિત નેત્રંગ તાલુકામાં છેલ્લા કેટલાક દિવસોથી ગરમીનો પારો આસમાને પહોંચતાં આમ જનતા તોબા પોકારી ઊઠી છે. આવા કપરા સંજોગોમાં દક્ષિણ ગુજરાત વીજ કંપની અને જેટકો કંપની દ્વારા તા.૨૧ના રોજ સમારકામ અર્થે સવારના ૭થી સાંજના ૫ વાગ્યા સુધી વીજકાપ લાદવામાં આવ્યો હતો. ૧૦ કલાકના આ લાંબા વીજકાપને કારણે નાનાં બાળકો, ગૃહિણીઓ અને વયવૃદ્ધો ભારે અકળામણમાં હેરાન-પરેશાન થઈ ગયાં હતાં.

વીજકાપને કારણે નેત્રંગ પંચાયતનાં તમામ વારિગૃહોમાંથી પાણી પુરવઠાનો સપ્લાય બંધ રહેતા સ્થાનિકોને પડતા પર પાટું જેવી સ્થિતિનો સામનો કરવો પડ્યો હતો. બીજી તરફ તાલુકા મથકની સરકારી કચેરીઓમાં ઓનલાઈન કામગીરી સંપૂર્ણ ઠપ થઈ ગઈ હતી. કચેરીઓમાં જનરેટરની સુવિધા હોવા છતાં, ઓપરેટરોના અભાવે કે અન્ય કારણોસર તે બંધ રહેતા જનરેટરો માત્ર 'શોભાના ગાંઠિયા' સાબિત થયા હતા.

આ બાબતે નેત્રંગ સબ ડિવિઝનના નાયબ કાર્યપાલક ઈજનેર જયેશ ઠક્કરે જણાવ્યું કે, લાઇન શિફ્ટિંગ અને જેટકો વિભાગના જરૂરી સમારકામને લીધે વીજકાપ આપવાની ફરજ પડી છે. જો કે, તંત્ર દ્વારા જેમ બને તેમ વહેલી તકે વીજ પુરવઠો શરૂ કરવા કવાયત હાથ ધરાઈ રહી છે.

## માંગરોળમાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ

વાંકલ: માંગરોળ તાલુકા મથકે આગામી દિવસોમાં મુસ્લિમ બિરાદરોની બકરી ઈદ નિમિત્તે કાયદો વ્યવસ્થા જળવાય રહે એ માટે માંગરોળ પીઆઈ પી.એમ.દેસાઈના અધ્યક્ષ સ્થાને શાંતિ સમિતિની બેઠકનું આયોજન કરાયું હતું. આ બેઠકમાં ગુલામભાઈ માંજરા, અસ્લમભાઈ માંજરા, મહમદ જે.પી., રાજુભાઈ મોદી, માંગરોળ વાંકલના વેપારીમંડળના આગેવાનો, શોએબભાઈ, ચંદુભાઈ વસાવા, રાજુભાઈ દેસાઈ વગેરે આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## આછોદમાં પાણીની લાઈન મુદ્દે લોકોએ આંદોલન સમેટ્યું

આમોદ, ભરૂચ: દહેજ-આમોદ વચ્ચે આશરે ૨૬૫ કરોડના ખર્ચે બની રહેલા ફોરલેન રોડ પ્રોજેક્ટ અંતર્ગત આછોદ ગામ નજીક મોટા પુલ પાસે બ્રિજનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે, આ નવા બનતા બ્રિજ નીચેથી મીઠા પાણીની મુખ્ય લાઈન પસાર થાય છે. વારંવાર તૂટી જવાના કારણે પાણીનો દબાણ ઘટી જતાં ગામના લગભગ 10 હજાર નાગરિકોને પીવાના પાણી માટે ફાંફાં મારવાની નોબત આવતાં ગ્રામજનોના આંદોલન બાદ તંત્રએ સ્થળનું નિરીક્ષણ કર્યું હતું. તેઓએ ગ્રામજનોને લાઈન બદલવાની ખાતરી આપતાં આંદોલનનો સુખદ અંત આવ્યો હતો.

# પાનોલી GIDC માં નકલી જંતુનાશક દવા બનાવવાના કૌભાંડનો પર્દાફાશ

**પોલીસે** આશરે રૂ.4.09 લાખથી વધુનો જંતુનાશક દવાનો જથ્થો કબજે કર્યો

અંકલેશ્વર: અંકલેશ્વર નજીક પાનોલી જીઆઈડીસી વિસ્તારમાં નકલી જંતુનાશક દવાઓ બનાવવાના કૌભાંડનો પર્દાફાશ થયો છે.

પોલીસે પ્રશાંત એગ્રીક સર્વિસ નામના કારખાનામાં દરોડા પાડી યુ.પી.એલ. કંપનીના નામે વેચાતી ડુપ્લિકેટ દવાઓનો જથ્થો ઝડપી પાડ્યો છે. ઘટનામાં પ્રોડક્શન મેનેજર સહિતના લોકો સામે કૉપીરાઈટ એક્ટ હેઠળ ગુનો નોંધાયો છે.

ફરિયાદી આશીષ મહેશ જાંગડા, જે યુનાઈટેડ ફોસ્ફરસ લિમિટેડ (યુપીએલ) કંપની માટે ઈન્વેસ્ટિગેશન ઓફિસર તરીકે કાર્યરત છે, તેમની માહિતીના આધારે પાનોલી પોલીસ અને કંપનીના અધિકારીઓએ પ્રશાંત એગ્રીક સર્વિસ કારખાનામાં તપાસ હાથ ધરી હતી. દરોડા દરમિયાન કારખાનામાંથી યુપીએલ કંપનીની "ફ્લોનીકેમિડ 50 ટકા ડબ્લ્યૂ.જી." નામની ટેકનિકલ જંતુનાશક દવાના ડુપ્લિકેટ પેકિંગ, સ્ટીકર, ખાલી બોટલો અને તૈયાર જથ્થો મળી આવ્યો હતો. પોલીસે આશરે રૂ.4.09 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો. તપાસ દરમિયાન હાજર પ્રોડક્શન મેનેજર ધર્મેશ અરવિંદ હિરપરા પાસે આ દવાઓ બનાવવા, રાખવા અથવા વેચાણ કરવા અંગે કોઈ કાયદેસર લાઈસન્સ કે આધાર પુરાવો ન મળતાં પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

ફરિયાદ મુજબ આરોપીઓએ યુપીએલ કંપનીના બ્રાન્ડ અને કૉપીરાઈટનો ગેરકાયદે ઉપયોગ કરી ખેડૂતો સાથે છેતરપિંડી તેમજ કંપનીને આર્થિક નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કર્યો હોવાનું સામે આવ્યું છે. પોલીસે કૉપીરાઈટ એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.


# ભરૂચમાં ડીઝલ અછત અને મોંઘવારી સામે AAPનું પ્રદર્શન

**કલેક્ટર** કચેરીમાં આવેદનપત્ર સુપરત કર્યું



ભરૂચ: રાજ્યમાં સતત વધી રહેલી મોંઘવારી અને ડીઝલની તીવ્ર અછતના વિરોધમાં ગુરુવારે ભરૂચ જિલ્લા આમ આદમી પાર્ટી દ્વારા કલેક્ટર કચેરી ખાતે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જિલ્લા AAP પ્રમુખની આગેવાનીમાં હોદ્દેદારો અને કાર્યકરોએ મુખ્યમંત્રીને સંબોધતું આવેદનપત્ર સુપરત કરી સરકારનું ધ્યાન દોર્યું હતું. આવેદનપત્રમાં જણાવાયું હતું કે, ગુજરાત ગંભીર આર્થિક અને સાધનસામગ્રીની કટોકટીમાંથી પસાર થઈ રહ્યું છે. ડીઝલ અછતને કારણે ખેડૂતો, ટ્રાન્સપોર્ટરો અને સામાન્ય જનજીવન પર વ્યાપક અસર પડી છે. વાવણીની સિઝન નજીક હોવા છતાં પેટ્રોલ પંપ પર ડીઝલ ન મળતા ટ્રેક્ટરો બંધ થવાની સ્થિતિ સર્જાઈ છે. AAPએ ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતો માટે ડીઝલનો વિશેષ ક્વોટા, ખાતરના ભાવવધારા પરત ખેંચવાની માંગ કરી હતી. હાઈવે પરનાં ઈંધણ સ્ટેશનો પર 24 કલાક ડીઝલ પુરવઠો સુનિશ્ચિત કરવા અને સપ્લાયમાં ગેરરીતિઓ અટકાવવા વિજિલન્સ સમિતિ નીમવાની પણ માંગ કરવામાં આવી હતી. સામાન્ય નાગરિકો અને ગૃહિણીઓની મુશ્કેલીઓ અંગે AAPએ જણાવ્યું હતું કે, ડીઝલ અછત અને ટ્રાન્સપોર્ટ ખર્ચ વધવાથી શાકભાજી, અનાજ, દૂધ અને ખાદ્યતેલના ભાવ વધ્યા છે. ઈંધણ પરનો વેટ અને સેસ ઘટાડવા, તેમજ કૃત્રિમ મોંઘવારી અને સંગ્રહખોરી રોકવા જિલ્લા સ્તરે 'પ્રાઈસ કંટ્રોલ એન્ડ મોનિટરિંગ સ્ક્વોડ' કાર્યરત કરવાની માંગ ઉઠાવવામાં આવી હતી.

## નર્મદા જિલ્લામાં આરોગ્ય જાગૃતિ અભિયાન


દીપલ સોની

રાજપીપળા: બીપી અને ડાયાબિટીસ જેવી જીવનશૈલી આધારિત બીમારીઓ અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવા તથા સમયસર તપાસ અને સારવાર માટે પ્રેરિત કરવા વિશ્વ હાઈપરટેન્શન દિવસ નિમિત્તે નર્મદા જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા વિશેષ આરોગ્ય તપાસ કેમ્પોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બીપી તથા ડાયાબિટીસ તપાસ કેમ્પ યોજી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## સંક્ષિપ્ત સમાચાર

### રાજપીપળામાં ફોન પડી જવા મામલે મિત્ર પર ચપ્પુ વડે હુમલો


દીપલ સોની

રાજપીપળા: રાજપીપળાના કોળીવાડ વિસ્તારમાં મોબાઈલ ફોન પડી જવા જેવી સામાન્ય બાબતે બે મિત્રો વચ્ચે થયેલી બોલાચાલી લોહિયાળ ઝઘડામાં પરિણમી છે. IDFC બેંકમાં સાથે નોકરી કરતા અંકિત અલ્પેશભાઈ વસાવા અને રાહુલ અરવિંદભાઈ વસાવા વોટ્સએપ જોતા હતા, ત્યારે અંકિતથી રાહુલનો ફોન નીચે પડી ગયો હતો. આ બાબતનું મનદુઃખ રાખી રાહુલે ફોન પર અંકિતને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જેથી મામલો થાળે પાડવા અંકિત તેના મિત્ર હર્ષિલ સુનીલભાઈ તડવી સાથે સોનીવાડમાં રહેતા રાહુલના ઘરે વાતચીત કરવા ગયો હતો. ત્યાં ઉશ્કેરાયેલા રાહુલ અને તેના મિત્ર અજય તડવીએ બંને પર હુમલો કર્યો હતો. જેમાં અજય તડવીએ હર્ષિલના ડાબા હાથના બાવળા પર ચપ્પુનો ઘા ઝીંકી લોહીલુહાણ કરી દીધો હતો. સ્થાનિક રહીશોએ તાત્કાલિક ૧૦૮ અને પોલીસને જાણ કરતાં ઇજાગ્રસ્ત હર્ષિલને રાજપીપળા સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો. આ મામલે રાજપીપળા ટાઉન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### મોબાઈલ પર વાતચીત બાબતે ઝનોર ગામે બે પરિવારો વચ્ચે મારામારી

ભરૂચ: ભરૂચના ઝનોર ગામે બુધવારે સાંજે મોબાઈલ પર વાતચીતની સામાન્ય બાબતમાં બે પરિવારો વચ્ચે મારામારી થઈ હતી. પારિવારિક બોલાચાલી બાદ મામલો બિચકતા ગંગાબેન પટેલ અને તેમની પુત્રી રાધિકાબેને અન્ય પક્ષના મધુબેન વસાવા તથા સુમિત્રાબેન સાથે ઝપાઝપી કરી ગાળાગાળી કરી હતી. આ દરમિયાન ગંગાબેને લાકડી વડે હુમલો કરતા સુમિત્રાબેનને માથામાં ગંભીર ઈજા થઈ હતી, જ્યારે વચ્ચે છોડાવવા પડેલા મધુબેનને પથ્થર વાગતાં પગે ઈજા પહોંચી હતી. હુમલાખોરોએ બંને મહિલાને જાનથી મારી નાંખવાની ધમકી પણ આપી હતી. ઈજાગ્રસ્ત સુમિત્રાબેનને ભરૂચ સિવિલ હોસ્પિટલ ખસેડાયાં છે. નબીપુર પોલીસે બંને આરોપી મહિલા સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### ઉભારીયામાં સરકારી કેમ્પમાં મામલતદાર સહિત ટોચના અધિકારીઓ ગેરહાજર

સાગબારા: સાગબારા તાલુકાના આંતરિયાળ ઉભારીયા ગામે યોજાયેલા 'જન ભાગીદારી અભિયાન કેમ્પ'માં ઉચ્ચ અધિકારીઓની ગેરહાજરીને કારણે વિસ્તારના આદિવાસી લોકોમાં ભારે રોષ ભભૂકી ઊઠ્યો છે. 'ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ યોજના (PM JANMAN)' અંતર્ગત પ્રાથમિક શાળા, ઉભારીયા ખાતે આયોજિત આ કેમ્પમાં આવાસ, રસ્તા, રેશનકાર્ડ, આધારકાર્ડ તેમજ જમીન સંબંધિત પ્રશ્નોના નિરાકરણ માટે તાલુકા મામલતદાર અને અન્ય મુખ્ય અધિકારીઓએ કેમ્પમાં હાજરી ન આપતાં ગ્રામજનો ખાલી હાથે પરત ફર્યા હતા. ખોપી જિલ્લા પંચાયત બેઠકના સદસ્ય, તાલુકા વિકાસ અધિકારી, વિસ્તરણ અધિકારી, મનરેગા અધિકારી તેમજ તલાટી હાજર રહ્યા હતા. આ અધિકારીઓએ લોકોની રજૂઆતો સાંભળી હોવા છતાં, મહત્વના પ્રશ્નોનો ઉકેલ અન્ય વિભાગોના અધિકારીઓ વિના શક્ય ન હતો.

### સરભોણ પ્રા.શાળા ખાતે કાર્યક્રમ

બારડોલી: બારડોલીની સરભોણ પ્રા.શાળા ખાતે જન ભાગીદારી અભિયાન અંતર્ગત યોજાયેલા સેવા સેતુ કાર્યક્રમમાં ૧૮ ગામોના લાભાર્થીઓને મોટા પ્રમાણમાં કલ્યાણકારી યોજનાઓનો લાભ આપવામાં આવ્યો હતો, જેમાં આધારકાર્ડના-૩૭, આયુષ્યમાન કાર્ડ-૧૭, પી.એમ કિશાન સન્માન નિધી યોજનાના-૩, સિકલ સેલ ટેસ્ટિંગ-૧૫, રેશનકાર્ડના-૨ મળી કુલ-૬૨ લાભાર્થીઓને લાભ અપાયો હતો. તેમજ જન ભાગીદારી અભિયાન અંતર્ગત રેલી અને વૃક્ષારોપણ પણ કરાયું હતું.

## સંક્ષિપ્ત સમાચાર

### સેલોદ બ્રિજ પર હાઈવા ચાલકે હેવી ચેનલો તોડી પાડી



ભરૂચ: ઝઘડિયાથી વાલિયાને જોડતા સેલોદ GIDC માર્ગ પરનો નદીનો પુલ જર્જરિત થતાં માર્ગ-મકાન વિભાગે ભારે વાહનો માટે પ્રતિબંધ મૂકી સુરક્ષા માટે લોખંડની હેવી ચેનલો લગાવી હતી. જો કે, ગત રાત્રે એક હાઈવા ચાલકે નિયમો નેવે મૂકી અહીંથી પસાર થવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન હાઈવા ચેનલમાં ફસાઈ ગયું હતું અને તેને બળજબરીથી કાઢવા જતાં હેવી ચેનલો તૂટી પડી હતી. અકસ્માતમાં હાઈવાને ભારે નુકસાન થયું હતું અને પુલ પર મોટો ટ્રાફિકજામ સર્જાયો હતો. ભારે જહેમત બાદ ટ્રાફિક હળવો કરાયો હતો. સ્થાનિકોએ આવા બેદરકાર ચાલકો સામે કડક કાર્યવાહીની માંગ કરી છે.

### ભરૂચ નગરપાલિકામાં 50મા પ્રમુખ તરીકે દેવેન્દ્રસિંહ વસાવાએ ચાર્જ સંભાળ્યો



ભરૂચ: ભરૂચ નગરપાલિકામાં તાજેતરમાં પ્રમુખ તરીકે દેવેન્દ્રસિંહ વસાવા અને ઉપપ્રમુખ તરીકે રચિતા મોદીની નિમણૂક થયા બાદ ગુરુવારે બંને આગેવાનોએ વિધિવત રીતે પોતાના હોદ્દાનો કાર્યભાર સંભાળ્યો હતો. આ પ્રસંગે પાલિકાના સભ્યો, સમર્થકો તેમજ પરિવારજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### દહેજમાં દુકાનની આડમાં ચાલતો ગાંજાનો કારોબાર ઝડપાયો, દંપતીની અટકાયત

ભરૂચ: ભરૂચ એસઓજી પોલીસે દહેજ ગામના માખણીયાવાડમાં બાતમીના આધારે દરોડો પાડી બિસ્કિટ-ચોકલેટની દુકાનની આડમાં ગેરકાયદે ગાંજો વેચતા 62 વર્ષીય મનહરભાઈ રામસંગભાઈ ગોહિલની ધરપકડ કરી હતી. પોલીસે દુકાનમાંથી પ્લાસ્ટિકની થેલીમાં ભરેલા 279 નાના પાઉચમાંથી 39,350ની કિંમતનો 787 ગ્રામ ગાંજો જપ્ત કર્યો છે, જેની એફએસએલ દ્વારા પુષ્ટિ કરાઈ છે. આ સાથે જ 10,000નો મોબાઈલ અને રોકડા 800 મળીને કુલ 50,150નો મુદ્દામાલ કબજે કરાયો છે. આરોપીની પૂછપરછમાં જાણવા મળ્યું છે કે આ જથ્થો તેને દહેજના જ દીપકભાઈ અને તેની પત્ની મીનાબેને આપ્યો હતો. પોલીસે પકડાયેલા આરોપી સહિત આ દંપતી વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### દઢાલમાં જુગાર રમતા એક ઝડપાયો

અંકલેશ્વર: અંકલેશ્વર રૂરલ પોલીસે બાતમીના આધારે દઢાલ ગામની નવી નગરીમાં આમલીના ઝાડ નીચે ચાલતા જુગારધામ પર દરોડો પાડ્યો હતો. પોલીસે સ્થળ પરથી વિક્રમભાઈ વસાવાને ઝડપી લીધો હતો, જ્યારે સોનુ ઉર્ફે ભૈયો અને અન્ય બે અજાણ્યા ઇસમ અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયા હતા. પોલીસે આરોપીઓ પાસેથી રોકડ રકમ અને જુગારનું સાહિત્ય મળી કુલ રૂ.10,280નો મુદ્દામાલ કબજે કરી કાર્યવાહી હાથ ધરી છે.

### ગાય ભડકતાં બે જૂથ વચ્ચે મારામારી

ભરૂચ: આમોદ માછીમારી બજાર વિસ્તારમાં ગાયને લઈને થયેલા વિવાદમાં બે જૂથો વચ્ચે એકબીજા વિરુદ્ધ 8 જાના સામે ફરિયાદ દાખલ કરી છે. પ્રથમ ફરિયાદમાં 21 વર્ષીય મીનાબેન ઉર્ફે મોનીકા જસુભાઇ વાઘેલાના પિતાનું આઠ વર્ષ પહેલા અવસાન થતાં તેઓના બે ભાઈઓ ગુજરાન ચલાવે છે. તા.20મી મેના રોજ રાત્રે તેઓના ભાઈનાં બાળકોને ગાય વગાડી જતાં તેઓના માસી સાથે ગંગાબેનને કહેવા ગયાં હતાં. એ વખતે તેમના ઘરમાં રાજુભાઈ બબુભાઈ વાઘેલા, નરેશભાઈ રાજુભાઈ વાઘેલાએ તેમની સાથે અને માસી સાથે ગાળાગાળી કરી હતી. અપશબ્દો બોલતા બોલાવાની ના પાડતાં નરેશભાઈ વાઘેલાએ તેઓને એક તમાચો મારી દેતાં વાતાવરણ તંગ થઇ ગયું હતું. તેઓ બંને જણા તેમના ઘરે આવતાં અલ્પેશ રાજુભાઈ વાઘેલા, રોહિતભાઈ રાજુભાઈ વસાવાએ આવીને થપ્પડ કારીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જ્યારે બીજી ફરિયાદમાં 27 વર્ષીય નરેશભાઈ રાજુભાઈ વાઘેલાએ જણાવ્યું હતું કે, તા-20મી મેના રોજ રાત્રે સાડા આઠે ઘરે જમવા બેઠા હતા. ત્યારે તેમનાં દાદી ગંગાબેન પાસે પડોશમાં રહેતાં મીનાબેન અને ચંપાબેન ગાયની બાબતે કહેવા આવ્યાં હતાં. ત્યારબાદ સુનીલભાઈ રાયસંગ વાઘેલા, રાયસંગભાઈ કરશનભાઈ વાઘેલા, ધર્મેશભાઈ જસુભાઇ વાઘેલા અને નરેન્દ્રભાઈ ઉર્ફે સેમ લક્ષ્મણભાઈ વાઘેલા તેમની સાથે ગાળાગાળી, ઝઘડો અને ઢીકાપાટુના માર મારીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. નરેશભાઈને અરીસાનો કાચ વાગવાથી ઇજા થઇ હતી. જે પ્રકરણમાં આમોદ પોલીસમાં બંને જૂથમાં 8 જણા સામે ગુનો નોંધવામાં આવ્યો હતો.

### ભરૂચમાં અકસ્માત થતાં આધેડ વેપારી ઘાયલ

ભરૂચ: ભરૂચના માતરીયા તળાવ નજીક કાર નં.(GJ-05-RC-1119) મોપેડ નં.(GJ-05-RC-1119) ના ચાલક 70 વર્ષીય વેપારી નરેન્દ્રભાઈ ખીલવાણીને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ગંભીર ઇજા થતાં તેમને ખાનગી હોસ્પિટલમાં ઓપરેશન અર્થે દાખલ કરાયા છે. આ ઘટના અંગે ભરૂચ એ ડિવિઝન પોલીસે કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

Milano MULTIPLEX
બારડોલી
Chand Mera Dill
10:00am, 01:00pm, 04:00pm, 07:00pm, 10:00pm
Shubh Mangal Dhamal- Gujarati
03:00pm
Star Wars: The Mandalorian And Grogu
11:00am, 09:30pm
Bhooth Bangla
05:00pm
Dhabkaaro-Gujarati
12:00pm
Krishnavataram Part 1 - The Heart
02:00pm, 06:00pm, 09:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

**જાહેર નોટીસ - વી.કે.પીપળીયા, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજની કોર્ટમાં**

નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૫૮/૨૦૨૬

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજ પ્રાંત કચેરી, તા.કામરેજ,જી.સુરત, તા.૨૧/૫/૨૦૨૬

વાદી: રમેશચંદ્ર જગજીવનદાસ મિસ્ત્રી, રહે. નવું ફળીયુ, પલસાણા, તા.પલસાણા, જી,સુરત

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને ત.ક.મંત્રીશ્રી દિગસ દિગસ ગ્રામ પંચાયત, તા.કામરેજ, જી.સુરત

વિષય : જન્મ-મરણ અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં વાદીશ્રી રમેશચંદ્ર જગજીવનદાસ મિસ્ત્રી, રહે. નવુ ફળીયુ, પલસાણા, તા. પલસાણા, જી.સુરતના પુત્ર અમિતકુમાર રમેશચંદ્ર મિસ્ત્રીનું જન્મ તા.12/05/1980 ના રોજ દિગસ, તા.કામરેજ, જી.સુરત ખાતે થયેલ છે તે અને તેઓના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઇ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં યા તો મુદત તા.૨૫/૬/૨૦૨૬ ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૧/૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (વી.કે.પીપળીયા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ કામરેજ પ્રાંત, કામરેજ

**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૭૭/૨૦૨૬
તા.૧૩/૦૩/૨૦૨૬

વાદી :- વનિતાબેન ખેતીયાભાઈ પુત્રી તે રમેશભાઈ વસાવાની પત્ની, રહે.મુ.પો.બલેઠી, તા.માંડવી, જી.સુરત-૩૯૪૪૪૦.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી બલેઠી ગ્રા.પં., તા.માંડવી, જી.સુરત-૩૯૪૪૪૦

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી વનિતાબેન ખેતીયાભાઈ પુત્રી તે રમેશભાઈ વસાવાની પત્ની, રહે.મુ.પો.બલેઠી, તા.માંડવી, જી.સુરત-૩૯૪૪૪૦એ તેઓના માતા દેવનીબેન ખેતીયાભાઈ વસાવાનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: દેવનીબેન ખેતીયાભાઈ વસાવા ૨. મરણ તારીખ: ૧૦/૦૭/૨૦૦૩ ૩. મરણનું સ્થળ: મોજે.બલેઠી, તા.માંડવી, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે દેવનીબેન ખેતીયાભાઈ વસાવાના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૧૬/૦૪/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૩/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

**જાહેર નોટીસ**

**કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ. માંડવી**

વાદી: સુભાષભાઈ ગોવિંદભાઈ પારેખ — નં. જન્મ-મરણ/અપીલ નં. ૧૬૩/૨૦૨૬

રહે. વિઠ્ઠલવાડી, મુ. તરસાડી, પો. કોસંબા, તા. માંગરોળ, જી. સુરત-૩૯૪૧૨૦ — તા. ૧૧/૦૫/૨૦૨૬

વિરૂધ્ધ

પ્રતિવાદી: જન્મ-મરણ રજિસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી કોસંબા ગ્રા.પં., તા. માંગરોળ, જી. સુરત-૩૯૪૧૨૦

વિષય: જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) અન્વયે મરણની નોંધણી બાબત

આથી આ જાહેર નોટીશથી લાગતા-વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી સુભાષભાઈ ગોવિંદભાઈ પારેખ, રહે. વિઠ્ઠલવાડી, મુ. તરસાડી, પો. કોસંબા, તા. માંગરોળ, જી. સુરત-૩૯૪૧૨૦ એ તેઓના બહેન સુનિતાબેન રમેશભાઈ જોજાવરાનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે.

૧. નોંધણી કરવાની છે તેનું નામ : સુનિતાબેન રમેશભાઈ જોજાવરા
૨. મરણની તારીખ: ૨૯/૦૪/૧૯૯૮
૩. મરણનું સ્થળ: મોજે: કોસંબા, તા. માંગરોળ, જી. સુરત

સબબ, ઉપરોક્ત વિગતે સુનિતાબેન રમેશભાઈ જોજાવરાના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં અથવા આ કામની સુનાવણી તા. ૨૨/૦૬/૨૦૨૬ ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા. ૧૧/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી/- (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવી પ્રાંત, જિ. સુરત

**બારડોલી પિપલ્સ કો-ઓ. ક્રેડીટ સોસાયટી લિ.**

૯,૧૦,૧૧ માં આશિષ કોમ્પ્લેક્ષ, ગાંધી રોડ, બારડોલી ૩૯૪૬૦૧ જી. સુરત. (ફોન-૨૨૧૭૦૦)

**મંડળીના સભાસદો માટે ચૂંટણી કાર્યક્રમની જાહેર નોટિસ**

સંસ્થાના વ્યવસ્થાપક કમિટી સભ્યોની સને ૨૦૨૬ થી ૨૦૩૧ સુધીના પાંચ વર્ષ માટે ૧૫ (પંદર) સામાન્ય સીટ, ૧ (એક) સીટ શિડયુલ કાસ્ટ અથવા શિડયુલ ટ્રાઈબલ પૈકી કોઈ પણ ૧ (એક) અને ૨ (બે) સ્ત્રી અનામત મળી કુલ ૧૮ સભ્યો માટે ચૂંટણી યોજાનાર છે. આ અંગેનો ચૂંટણી કાર્યક્રમ સંસ્થાના નોટીસ બોર્ડ ઉપર તા. ૨૫-૦૫-૨૦૨૬ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવશે. તો તે અંગેની સર્વે સભાસદોએ નોંધ લેવા વિનંતી.

(ટી. જે. મૈસરીયા)
ચૂંટણી અધિકારી

સ્થળ: બારડોલી
તારીખ: ૨૧-૦૫-૨૦૨૬ — બારડોલી પિપલ્સ કો. ઓ. ક્રેડીટ સોસાયટી લિ.